(1) યુદ્ધ માટેના જીનીવા કન્વેન્શન સંબંધી માહિતી માટે નીચેનામાંથી સાચાં જોડકા પસંદ કરો.

(1) પ્રથમ જીનીવા કન્વેન્શન—નાગરિકોના રક્ષણ માટે

(2) બીજું જીનીવા કન્વેન્શન—દરિયામાં ઘાયલ થયેલાં સૈનિકોના રક્ષણ માટે

(3) ત્રીજું જીનીવા કન્વેન્શન—જમીન પર ઘાયલ થયેલાં સૈનિકોના રક્ષણ માટે

(4) ચોથું જીનીવા કન્વેન્શન—યુદ્ધના કેદીઓ માટે

(A) માત્ર (1) અને (4)

(B) માત્ર (2)

(C) માત્ર (2), (3) અને (4)

(D) માત્ર (1), (2) અને (3)

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ આંતરરાષ્ટ્રીય રેડ—ક્રોસ કમિટીએ ભારત અને ચીન સરકારને જીનીવા કન્વેન્શનના નિયમોનું પાલન કરવાની ભલામણ કરી છે. બન્ને દેશો આ કન્વેન્શનના હસ્તાક્ષરકર્તા છે.

⇛ આ કન્વેન્શનના નિયમો યુદ્ધ દરમિયાન નિષ્ઠુરતાને રોકવા માટેના છે. વિવિધ જીનીવા કન્વેન્શનો નીચે મુજબના છે :

- પ્રથમ જીનીવા કન્વેન્શન : તે જમીન પર ઘાયલ થયેલાં તથા માંદા પડેલા સૈનિકોના રક્ષણ માટેનું કન્વેન્શન છે.
- બીજું જીનીવા કન્વેન્શન : તે દરિયામાં ઘાયલ થયેલાં તથા માંદા પડેલા સૈનિકોના રક્ષણ માટે છે.
- ત્રીજું જીનીવા કન્વેન્શન : તે યુદ્ધ કેદીઓને લાગુ પડે છે.
- ચોથું જીનીવા કન્વેન્શન : તે યુદ્ધમાં ભાગ ન લેતાં લોકો (દા.ત. નાગરિકો)ના તથા મેળવેલા વિસ્તારના રક્ષણ માટે છે.

(આથી, માત્ર વિધાન (2) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) નિલગીરી હાથી કોરીડોર વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે સિગુરના ઉચ્ચપ્રદેશમાં આવેલું છે.
(2) તે પશ્ચિમ ઘાટ અને પૂર્વ ઘાટને જોડે છે.
(3) તે હાથીઓની જનીનીક વૈવિધ્યતા જાળવી રાખે છે.
(4) તે મુદુમલાઈ રાષ્ટ્રીય ઉદ્યાનની નજીક આવેલો છે.

(A) માત્ર (1) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (2) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં સુપ્રીમ કોર્ટે નિલગીરી હાથી કોરીડોર વિશેના મદ્રાસ હાઈકોર્ટના 2011ના આદેશને માન્ય રાખ્યો છે અને 'પ્રાણીઓના અવર–જવરના હક'ને માન્યતા આપી છે.

⇛ નિલગીરી હાથી કોરીડોર પર્યાવરણીય રીતે સંવેદનશીલ એવાં સિગુરના ઉચ્ચપ્રદેશમાં આવેલો છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ કોરીડોર પશ્ચિમ ઘાટ અને પૂર્વ ઘાટને જોડે છે તથા હાથીઓની વસતી અને તેમની જનીનીક વૈવિધ્યતાને જાળવી રાખે છે. (આથી, વિધાન (2) અને (3) સાચાં છે.)

⇛ આ કોરીડોર નિલગીરી જિલ્લામાં મુદુમલાઈ રાષ્ટ્રીય ઉદ્યાનની નજીક આવેલો છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ કોરીડોરની દક્ષિણપશ્ચિમ બાજુએ નિલગીરી ટેકરીઓ આવેલી છે તથા પૂર્વોત્તર બાજુએ મોયાર નદી ખીણ આવેલી છે.

⇛ બ્રહ્મગીરી–નિલગીરી–પૂર્વઘાટ વિસ્તારમાં જ 6500 જેટલાં હાથીઓ જોવા મળે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (3) એશિયાઇ હાથી વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) એશિયાઈ હાથીની 3 પેટા પ્રજાતિ છે.
(2) એશિયાઈ હાથીનું IUCN સ્ટેટસ સંવેદનશીલ (Vulnerable) છે.
(3) ભારતમાં દર 5 વર્ષે હાથીની વસતી ગણતરી કરવામાં આવે છે.
(4) ભારતનો માઈક (MIKE) કાર્યક્રમ હાથીની માનવ સાથેની અથડામણોને ઓછી કરવા માટેનો છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1) અને (3)
(D) માત્ર (2) અને (4)

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ એશિયાઈ હાથીની 3 પેટા પ્રજાતિઓ જોવા મળે છે. (i) ભારતીય (ii) સુમાત્રન (iii) શ્રી લંકન. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ પૈકી ભારતીય હાથીની રેંજ વિશાળ છે તથા તેની સંખ્યા પણ વધુ છે.

⇛ આફ્રિકન હાથીનું IUCN સ્ટેટસ 'સંવેદનશીલ' છે જ્યારે એશિયાઈ હાથીનું IUCN સ્ટેટસ 'ખતરામાં' (Endangered) છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ ભારતમાં 1992માં પ્રોજેક્ટ એલીફન્ટ લોંચ કરવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટ અંતર્ગત ભારતમાં દર 5 વર્ષે હાથીની વસતી ગણતરી કરવામાં આવે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ માઈક (MIKE-monitoring the Illegal Killing of Elephants) કાર્યક્રમ 2003માં શરૂ થયો હતો. તે એક આંતરરાષ્ટ્રીય સહકાર છે જે આફ્રિકા અને એશિયામાં હાથીની ગેરકાયદેસર હત્યાની બાબતના ટ્રેન્ડ અને તેની માહિતી જાળવે છે ઉપરાંત તે સંરક્ષણ પ્રયત્નોની અસરકારકતા પર નજર રાખે છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(4) બિન-જોડાણવાદી ચળવળ (નોન-એલાઈમેન્ટ મુવમેન્ટ-NAM) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) યુગોસ્લાવીયામાં યોજાયેલી બાંડુંગ પરિષદના પરીણામ સ્વરૂપે NAM અસ્તિત્વમાં આવી હતી.

(2) NAMના બંધારણની રચના 1976માં કરવામાં આવી હતી.

(3) NAMનું કાયમી સચિવાલય ઈન્ડોનેશિયામાં આવેલું છે.

(4) વર્તમાન સમયે 120 દેશો આ ચળવળના સભ્યો છે.

(A) માત્ર (1)

(B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1), (2) અને (4)

(D) માત્ર (4)

⇒ **જવાબ :- D**

**સમજૂતી :**

⇒ વર્ષ 2020એ બાંડુંગ પરિષદ થયાનું 65મું વર્ષ છે.

⇒ ઈન્ડોનેશિયામાં થયેલાં એશિયા–આફ્રિકા બાંડુંગ પરિષદના પરીણામ સ્વરૂપે NAMની રચના થઈ હતી. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇒ NAMની પ્રથમ પરિષદ સપ્ટેમ્બર 1961માં બેલગ્રેડ શહેરમાં યોજાય હતી.

⇒ આ સંસ્થાના હેતુઓ 1979ના હવાના ડિકલેરેશનમાં આપવામાં આવ્યા છે.

⇒ વર્તમાન સમયે 120 દેશો NAMના સભ્યો છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇒ આ સંસ્થાનું કોઈ ઔપચારિક બંધારણ નથી કે તેનું કોઈ કાયમી સચિવાલય પણ નથી. (આથી, વિધાન (2) અને (3) ખોટાં છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (5) યુરેનિયમ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) ઓસ્ટ્રેલિયા યુરેનિયમનો સૌથી મોટો ઉત્પાદક દેશ છે.

(2) ભારતે 2014માં 'કો–ઓપરેશન ઈન ધ પીસફુલ યુઝ ઓફ ન્યુક્લીયર એનર્જી' નામનો કરાર જાપાન સાથે કરેલો છે.

(3) વર્તમાન સમયે ભારત રશિયા, ફ્રાંસ અને કેનેડા પાસેથી યુરેનિયમ મેળવે છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3)
(C) માત્ર (2) અને (3)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ ભારત અને ઓસ્ટ્રેલિયાની કંપનીઓ વચ્ચે યુરેનિયમની સપ્લાય માટેના કરારની વાતો તાજેતરમાં ચર્ચામાં હતી.

⇛ વર્ષ 2012માં ઓસ્ટ્રેલિયાએ ભારતને યુરેનિયમ વેંચવાનો નિર્ણય લીધો હતો. આ નિર્ણય 2014માં એક દ્વિ–પક્ષીય કરારમાં રૂપાંતર પામ્યો હતો. આ કરારનું નામ 'કો–ઓપરેશન ઈન ધ પીસફુલ યુઝ ઓફ ન્યુક્લીયર એનર્જી' છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આમ છતાં, યુરેનિયમની સપ્લાય માટે કોઈ ખાસ વૃદ્ધિ જોવા મળી નથી.

⇛ ભારત નીચેના દેશોમાંથી યુરેનિયમ વર્તમાન સમયે મેળવે છે :

- કઝાખસ્તાન
- રશિયા
- ઉઝબેકીસ્તાન
- ફ્રાંસ
- કેનેડા

(આથી, વિધાન (3) સાચું છે.)

⇛ વિશ્વમાં યુરેનિયમનું સૌથી વધુ ઉત્પાદન કરતો દેશ કઝાખસ્તાન છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

**Facebook**
*like* | *comment* | *share*
ICE RAJKOT

twitter
ICE RAJKOT